




Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 13,(SURAT), DATE-17/09/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૩, (સુરત), તા.૧૭/૦૯/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 પ્રધાનમંત્રી મોદીના જન્મદિન નિમિત્તે સુરત ભાજપ દ્વારા સેવાકીય કાર્યો કરવામાં આવશે

3 બારડોલી ના કિલ્લોલ મ્યુઝિક્લ ગ્રુપના ત્વિષા વ્યાસ ની જજ તરીકે સેવા

4 સુરત જિલ્લા કક્ષાની સિનિયર શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં એક્સપેરિમેન્ટલ સ્કૂલ ચેમ્પિયન

# શ્રી રાજપુત કરણી સેનાનું પદાધીકારી અધિવેશન ૨૦૨૫ ભગવતી રીસોર્ટ માઉન્ટ આબુ ખાતે યોજાયું

## મુખ્ય અતિથિ તરીકે શ્રી રાજપુત કરણી સેના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા ઉપસ્થિત રહ્યા હતા













**અતિથિ વિશેષ યુવરાજ સાહેબ ઇન્દ્રવરસિંહજી દેવડા ( સિરોહી) ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજા તેમજ દિલીપસિહ ખજુરી સહિત શ્રી રાજપુત કરણી સેના સિહોરી તાલુકા ની સમગ્ર ટીમ સહિત વિશેષ આગેવાનો ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. ઉપસ્થિત વિવિધ ક્ષેત્રના તાલુકાના હોદ્દેદારો દ્વારા સંબોધન કરી મંતવ્ય વિચારો રજૂ કર્યા હતા તેમજ ગુજરાત રાજસ્થાન મધ્ય પ્રદેશ જેવા અનેક રાજયમાંથી શ્રી રાજપુત કરણી સેનાના સભ્ય મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**



**આબુરોડ-**પંચાયત અને નાગરિક ચૂંટણીઓ પહેલા, રાજપૂત સમુદાયે પોતાની માંગણીઓ અંગે સક્રિયતા વધારી દીધી છે. આ એપિસોડમાં, શ્રી રાજપૂત કરણી સેનાનું બે દિવસીય રાષ્ટ્રીય સંમેલન સોમવારે રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલ સિંહ મકરાણાના નેતૃત્વમાં આબુરોડમાં શરૂ થયું. આ સંમેલનનું ઉદ્ઘાટન દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું, જેમાં ૨૪ રાજયોના રાજય પ્રમુખો, જિલ્લા પ્રમુખો અને મહામંત્રીઓએ ભાગ લીધો હતો.

પત્રકાર પરિષદને સંબોધતા, મકરાણાએ કહ્યું કે સમાજની સૌથી મોટી માંગ એ છે કે આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત ૧૦% થી વધારીને ૧૪% કરવામાં આવે. આ સાથે, તેમણે માંગ કરી કે પાછલી ગેહલોત સરકાર દ્વારા કરવામાં આવેલ સરળીકરણ કેન્દ્રીય સ્તરે લાગુ કરવામાં આવે, જેથી દેશભરના વિવિધ સમાજોને તેનો લાભ મળી શકે.





મકરાણાએ એ પણ સ્પષ્ટતા કરી કે પંચાયત અને નાગરિક ચૂંટણીઓમાં પણ મહિલાઓ માટે અનામત લાગુ કરવામાં આવે, જેથી આર્થિક રીતે નબળા વર્ગોને ગ્રામીણ અને સ્થાનિક સ્તરે રાજકીય પ્રતિનિધિત્વની તક મળી શકે. તેમણે કહ્યું કે જો આ માંગણીઓ પર ધ્યાન આપવામાં નહીં આવે તો રાજપૂત સમુદાય પોતાનો વિરોધ નોંધાવશે. સંમેલન દરમિયાન, કરણી સેનાએ માઉન્ટ આબુ મ્યુનિસિપાલિટીમાં મીડિયા કર્મચારીઓ પર હુમલો કરનારા સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓને આબુ રોડ અને પાલીમાં નવી પોસ્ટિંગ આપવામાં આવી હોવાનો પણ વિરોધ કર્યો. મકરાણાએ ચેતવણી આપી હતી કે રાજય સરકારે આવા કેસોને ગંભીરતાથી લેવા જોઈએ, નહીં તો કરણી સેના આંદોલનનો માર્ગ અપનાવશે. સોમવારે સંમેલનમાં ચાર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જયારે મંગળવારે યોજાનાર સત્રોમાં એક ડઝનથી વધુ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ પ્રસંગે, પ્રદેશ પ્રમુખ દિલીપ સિંહ ખજુરી, રાજય પ્રભારી પ્રહલાદ સિંહ પંચાલવાડા, વિભાગ પ્રભારી મનમોહન સિંહ દેવડા, જિલ્લા પ્રમુખ નારાયણ સિંહ બાગસીન, જિલ્લા પ્રભારી બલવંત સિંહ રાઠોડ અને રાજયભરના અધિકારીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. રાજસ્થાનના રાજકારણમાં પંચાયતની ચૂંટણીઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે ગ્રામીણ વિસ્તારોનો વલણ અહીંથી નક્કી થાય છે. પંચાયત અને નાગરિક ચૂંટણીઓમાં અનામત લાગુ કરવાની કરણી સેનાની માંગને ગ્રામીણ મતદારોને સીધા આકર્ષવાની રણનીતિ તરીકે ગણવામાં આવી રહી છે. રાજયમાં રાજપૂત સમાજ એક મોટી અને પ્રભાવશાળી વોટ બેંક છે. આવી સ્થિતિમાં, તેમની એકતા રાજકીય પક્ષોના સમીકરણોને અસર કરી શકે છે.

# શ્રી બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને શ્રી બારડોલી વિભાગ રાજપૂત યુવા સંગઠન આયોજિત મેડિકલ કેમ્પ યોજાયો









બારડોલી - બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને યુવા સંગઠન દ્વારા સ્વ.નંદુબેન જયસિંહ દેસાઈ (સેવણી) મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ થી વધુ લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.

જેમાં કામરેજ તાલુકા રાજપુત સમાજના ના નવનિયુક્ત પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ ચૌહાણ તેમજ મુખ્ય સંકલન કરતા મેહુલસિંહ દેસાઈ તેમજ તેમની ટીમનું બારડોલી વિભાગ સમાજ ના પ્રમુખ ભુપેન્દ્રસિંહ સોલંકી બાપુ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું.

બારડોલી ખાતે અનેક સેવાકીય પ્રવૃત્તિ થી બારડોલી રાજપૂત સમાજ ઓળખાતો આવ્યો છે. આ વખતે પણ વધુ એક સમાજ ઉપયોગી કાર્ય જોવા મળ્યું હતું. બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ અને બારડોલી વિભાગ રાજપૂત યુવા સંગઠન દ્વારા આરોગ્ય ને સાંકળી મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપૂત સમાજ ના પરિવારો માં આરોગ્ય સુખાકારી જળવાઈ રહે એ હેતુ સાથે મેડિકલ કેમ્પ નું પ્રથમ વાર સફળ આયોજન કરાયું હતું. દર વર્ષે શિક્ષણ ક્ષેત્રે, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, મહિલા ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ કરતા આવ્યા છે. જેમાં વર્ષે મેડિકલ કેમ્પ નું આયોજન કર્યું હતું. અનેક વિભાગના અને રાજપૂત સમાજના મ નામાંકિત તબીબો ઉપસ્થિત રહી મેડિકલ કેમ્પમા સેવા આપી હતી. જરૂરિયાત મંદ લોકો આ કેમ્પ માં જોડાયા હતા. ૩૦૦ થી વધુ લોકો મેડિકલ કેમ્પ નો લાભ લીધો હતો. જેમાં જરૂરી ચેકઅપ સાથે જરૂરી દવા નું પણ વિનામૂલ્યે જ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મેડિકલ કેમ્પ ને સફળ બનાવવા માટે બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટ, યુવા સંગઠન, મહિલા ટીમ તેમજ સમાજ સંચાલિત વાત્સલ્ય વિદ્યાલય પરિવારે ભારે જહેમત ઉઠાવી મેડિકલ કેમ્પ ને સફળ બનાવ્યો હતો

# ઝંખવાવ ગામના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા

## નેશનલ હાઇવે ૫૬ અને કોસંબા ઉમરપાડા રેલવે લાઇનમાં જમીન સંપાદન બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદન પત્ર અપાયુ



**દક્ષેશ પટેલ, માંડવી-** ઝંખવાવ ગામના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા નેશનલ હાઇવે નંબર ૫૬ અને કોસંબા ઉમરપાડા રેલ્વે લાઈનમાં જમીન સંપાદન થનાર હોય જે બાબતે માંડવી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે,

નેશનલ હાઈવે ૫૬, અને કોસબા - ઉમરપાડા રેલ્વે લાઈનમાં ઝંખવાવ ગામના ૧૧૩, ૧૧૨, ૧૧૧ જેવા ત્રણ સર્વે નંબરની ૬ હેક્ટર જેટલી જમીન બંને પ્રોજેક્ટમાં સંપાદન થાય છે. જેના કારણે ૨૩ કુટુંબોના ૧૭ ઘરો અને ખેતીની જમીનને નુક્સાન થાય છે આ સંપાદન માટે અન્ય વિકલ્પો પણ ઉપલબ્ધ હોય તે વિકલ્પ પ્રમાણે રોડ અને રેલવે બનાવવામાં આવે તો ઓછામાં ઓછું નુક્સાન થઈ શકે તેમ છે. આ જમીન અમારા માટે ફક્ત આજીવિકાનું સાધન છે ,તેમજ જમીન અસર ગસ્તો દ્વારા ૧૧ જેટલા વિવિધ પ્રશ્નો અંગે પણ જણાવવામાં આવ્યું હતું જે અંગે સરકારશ્રી દ્વારા યોગ્ય ન્યાય મળે જે માટે આવેદન પત્ર આપવામાં આવેલ છે.

# માંડવી ખાતેજિલ્લા કાનુની સેવા સત્તા મંડળ સુરતના માર્ગદર્શન તથા વડપણ હેઠળ માંડવી કોર્ટમાં રાષ્ટ્રીય લોકઅદાલતમાં ૪૨૪ કેસોનો નિકાલ



**દક્ષેશ પટેલ, માંડવી-** નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત વડી અદાલત તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ સુરતના માર્ગદર્શન તથા વડપણ હેઠળ તાલુકા કાનુની સેવા સમિતિ માંડવી ખાતે યોજાયેલી ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતમાં ન્યાયની અનોખી સિધ્ધી હાંસલ કરવામાં આવી છે. માંડવી તાલુકા મથકે આજરોજ સને-૨૦૨૫ ના વર્ષની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલત તા :- ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષ મનીષભાઈ એમ. બુધ્ધભટ્ટીના વરદ હસ્તે શુભારંભ કરી લોક અદાલતનો સવારે ૧૦:૩૦ કલાક શરૂઆત કરવામાં આવી હતી.. આ લોક અદાલતમાં પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ મનીષભાઈ એમ.બુધ્ધભટ્ટી અને માંડવી કોર્ટના રજીસ્ટ્રાર ગિરીશકુમાર પરમાર તથા નાઝર સંદીપ પંચાલ તથા અન્ય તમામ કોર્ટ સ્ટાફ તથા માંડવી બારના પ્રમુખ પી.એચ.શર્મા તથા અન્ય વકીલોના સહયોગથી લોક અદાલતને સફળ બનાવવામાં યોગદાન આપ્યુ હતું.

આ લોક અદાલતમાં પ્રિલિટીગેશનમાં ડી.જી.વી.સી.એલ, એસ.બી.આઈ. બેંક ઓફ બરોડા, યુકો બેંક, આઈ.ડી.બી.આઈ. બેંક, બેલસ્ટાર માઈક્રો ફાઈનાન્સ કંપની, તથા ગુજરાત ગ્રામીણ બેંક નાઓએ ભાગ લઈ વિવિધ કેસોનો નિકાલ કરી ન્યાયની તાત્કાલિકતા સિધ્ધ કરી હતી. અને પ્રિલિટીગેશનમાં કુલ્લે ૨૧૦ કેસોનો સુખદ સમાધાનકારી વલણથી નિકાલ કરવામાં આવ્યો હતો. અને કુલ્લે રકમ રૂ.૧૯,૨૯,૧૩૩/ની રકમનો એવોર્ડ કરવામાં આવ્યો હતો.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### માંડવી ફોરેસ્ટ રેસ્ટ રેસ્ટ હાઉસ હાઉસ ખાતે

## ૧૭ સપ્ટેમ્બર ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિન નિમિત્તે સેવા પખવાડિયા અંતર્ગત કાર્ય શાળા યોજાઈ



**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવીના ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે સેવા પખવાડિયા અંતર્ગત કાર્યશાળા સુરત જિલ્લા ભાજપ મંત્રી તથા કાર્યશાળાના વક્તા ડો. આશિષભાઇ ઉપાધ્યાય ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરી કાર્યક્રમની શરૂઆત કરાઇ હતી આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

કાર્ય શાળાના વક્તા ડોક્ટર આશિષભાઈ ઉપાધ્યાય જણાવ્યું હતું કે, આપણા દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની ૧૭ મી સપ્ટેમ્બરના રોજ જન્મદિન હોય જે અંતર્ગત કાર્યશાળા નું આયોજન કરવામાં આવેલ છે જેમાં તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધી સુરત જિલ્લા તથા તાલુકા નગર કક્ષાના યોજાનાર કાર્યક્રમો નીવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ તાલુકા તથા નગરમાં બુથ લેવલ સુધી સેવાકીય કાર્યો થાય જે અંગે જણાવ્યું હતું. આ પ્રસંગે માંડવી તાલુકા ભાજપ પ્રમુખ અનિલભાઈ ચૌધરી, સુરત જિલ્લા ઉપપ્રમુખ રેમાબેન ચૌધરી, મહામંત્રીશ્રીઓ છનાભાઇ ચૌધરી, શાલીનભાઈ શાહ, વિજયભાઈ પટેલ, પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, દિનેશભાઈ પટેલ, તાલુકા નગર સંગઠનના હોદ્દેદારો સંયોજકો તાલુકા પંચાયતના સદસ્યો, કોર્પોરેટરો તથા અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## માંડવી તરસાડા વચ્ચે ના નવા પુલ ઉપર સ્ટ્રીટ લાઈટ બંધ હોવાના કારણે અંધાર પટ છવાઈ જાય છે

### માંડવી તરસાડાના વાહનચાલકો અને ઈવનિંગ વોક માટે નીકળતા લોકોને ભય ખાડાઓનું રિપેરિંગ પણ તાકીદે હાથ ધરાય તેવી માંગ



**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી-તરસાડા વચ્ચે તાપી નદી પર ચાર વર્ષ પૂર્વે બનાવેલો નવો પુલ, આમ તો વાહનચાલકો માટે રાહતરૂપ નીવડયો છે. પરંતુ આ પુલ પરથી વાપી-શામળાજી હાઇવે પસાર થતો હોવાથી રાત-દિવસ મોટા ભારે લોડેડ વાહનો કાયમી દોડતાં રહે છે. પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી પુલ પર બંને સાઈડ પરની સ્ટ્રીટ લાઈટો સંપૂર્ણ બંધ હાલતમાં રહેતા અંધારપટ છવાયેલો રહે છે. જેના કારણે સામ સામે બે વાહન ભટકાય તો મોટો અકસ્માત થવાની ભીતિ રહી છે આ પુલ નેશનલ હાઈવે ઓથોરિટી ના વહીવટી હસ્તક આવે છે અને આ પૂલ પર ટ્રાફિકથી રાત દિવસ ધમધમ તો રહે છે. છતાં પણ વહીવટી તંત્ર લાઈટ ચાલુ કરવા બાબત નિષ્ક્રિયતા સેવે છે.

ઉપરાંત ધોબણી નાકાથી તરસાડા સર્કલ સુધીમાં અનેક ખાડા પડયા છે. ત્યારે અનેક વખત બાઈક ખાડામાં પડતાં ચાલકોને ઈજા થવાના બનાવો બન્યા છે. પુલ પર અંધારપટ છવાયેલો રહેવાથી સાંજે ઇવિનંગ વોકમાં નીકળતા લોકોને પણ તકલીફ પડે છે. ઉપરાંત તાપી-નદી પર જે જૂનો પુલ વરજાખણ ખેડપુર છે, તેનો પણ ઘણો વપરાશ થાય છે. જૂના પુલ પર તો પહેલેથી જ લાઈટ વ્યવસ્થા કરવામાં આવી નથી, આથી જવાબદાર તંત્ર દ્વારા નવા-જૂના પુલ પર બંને સાઈડ લાઈટની વ્યવસ્થા અને ખાડાની મારામત તાત્કાલિક કરાય તેવી તીવ્ર લોકમાંગ ઉઠવા પામી છે .

## બોટાદ ના પ્રકૃતિ ઉપાસક ગ્રીન મેન સી.એલ. ભીકડીયા અને ચિત્રકૂટ બીજ બેંક ના દિગ્વિજય સિંહ ચુડાસમા ને પ્રકૃતિ મિત્ર એવોર્ડ - ૨૦૨૫ અર્પણ



બોટાદ ના પ્રકૃતિ ઉપાસક અને બોટાદ મુક્તિધામ (સ્મશાન ભૂમિ) ના પ્રણેતા અને શ્રી ધન્વંતરિ ઔષધીય ઉપવન, રાશિ વન નું નિર્માણ કરનાર અને બોટાદ વિસ્તાર માં વૃક્ષારોપણ , જલ સંચય અભિયાન અને પર્યાવરણ સંરક્ષક તરીકે ઉમદા કાર્યવાહી કરનાર ગ્રીન મેન સી.એલ. ભીકડીયા અને વિવિધ વૃક્ષો, લતા, છોડ ના બીજ એકઠા કરી ચિત્રકૂટ બીજ બેંક દ્વારા ગુજરાત માં ફ્રી બીજ વિતરણ કરનાર દિગ્વિજય સિંહ ચુડાસમા (અભણ શિક્ષક ) ને પ્રકૃતિ મિત્ર એવોર્ડ - ૨૦૨૫ શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર (ખેડબ્રહ્મા) પ્રેરિત અને શ્રી રિહેન મહેતા વિદ્યાલય - માંકડી અને પ્રકૃતિ મિત્ર ગ્રુપ - ગુજરાત આયોજિત કાર્યક્રમ તા.૧૫/૯/૨૫ ના રોજ ગાયત્રી તીર્થ , અંબાજી ખાતે મહાનુભાવો ના વરદ હસ્તે આપી સન્માનિત કરેલ.આ સમારોહ માં ગુજરાત ભર ના પ્રકૃતિ મિત્રો નું સન્માન કરવામાં આવેલ.

સી.એલ. ભીકડીયા ને આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા વૃક્ષા રોપણ / પર્યાવરણ ની ઉત્તમ કામગીરી સબબ એવોર્ડ અને જાયન્ટ્સ ફેડરેશન 3/ ઇ (ગુજરાત) દ્વારા ગ્રીન મેન નો એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.તેમજ ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ગુજરાત રાજય દ્વારા પ્રકૃતિ સંરક્ષક એવોર્ડ - ૨૦૨૩ મહા મહીમ ગવર્નર (ઉત્તર પ્રદેશ) શ્રીમંતી આનંદીબહેન પટેલ ના વરદ હસ્તે આપવામાં આવેલ. આમ સી.એલ. ભીકડીયા ને વધુ એક પર્યાવરણ ક્ષેત્રે એવોર્ડ મળતા બોટાદ જાયન્ટસ સંસ્થા , વતન ઉગામેડી અને બોટાદ જીલ્લા નું ગૌરવ વધારેલ છે.

## પ્રધાનમંત્રી મોદીના જન્મદિન નિમિત્તે સુરત ભાજપ દ્વારા સેવાકીય કાર્યો કરવામાં આવશે

**સુરત-** પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી ના આગામી ૭૫ માં જન્મદિવસના ઉપલક્ષમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી -સુરત મહાનગર દ્વારા અનેકવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરનાર છે .કુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે ભારતીય જનતા પાર્ટી -સુરત મહાનગર દ્વારા સુરત મહાનગરના તમામે તમામ 30 વોર્ડમાં કોઈપણ એક મંદિરમાં સવારે ૦૮ કલાકે શિવ અભિષેક કરવામાં આવશે અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.

## ઉમરપાડાના બિલવણ ખાતે રૂ. ૩૧ કરોડના ખર્ચે નવનિર્મિત આદર્શ નિવાસી કન્યા શાળાના મકાન અને છાત્રાલયનો શુભારંભ કરાવતા ટ્રાયબલ અફેર્સ મંત્રી દુર્ગાદાસ ઉઇકે






વાંકલ: ટ્રાયબલ અફેર્સ મંત્રી દુર્ગાદાસ ઉઈકેના હસ્તે ઉમરપાડા તાલુકાના બિલવણગામે રૂ.૩૧ કરોડના ખર્ચે નવનિર્મિત આદર્શ નિવાસી કન્યા શાળાના મકાન અને છાત્રાલયનો શુભારંભ કરાયો હતો. આ અવસરે આદિજાતિ વિકાસ, પ્રા.,મા. અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર તેમજ બારડોલીના સાસંદ પ્રભુભાઇ વસાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ટ્રાયબલ અફેર્સ મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું નેતૃત્વ સંભાળ્યા બાદ આદિવાસી સમાજને પ્રગતિની નવી દિશા મળી છે. વડાપ્રધાનની ચેતના અને સંવેદના થકી અનેક લાભકારી યોજનાઓ અમલમાં આવી છે. જેના પરિણામે આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે, જનજાતિ સમાજના ઉત્થાન માટે શરુ કરાયેલી વિવિધ શૈક્ષણિક યોજનાઓને પરિણામે આ સમાજના દિકરા-દિકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રેરણા મળી છે. સાથે જ કુપોષણની સમસ્યા દૂર કરવા માટે પણ સરકારે અસરકારક પગલાં લીધાં છે. તેમજ ધરતી આંબા અભિયાન થકી છેક છેવાડાના વિસ્તારોમાં લોકોને યોજનાકીય લાભો અને આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. માતા અને દિકરીનું સન્માન કરતું ઘર કે સમાજ હંમેશા પ્રગતિના સોપાન સર કરે છે, એમ જણાવતા મંત્રીએ બિલવણ ગામે શરુ કરાયેલા કન્યા છાત્રાલયની પ્રશંસા કરી હતી. શ્રેષ્ઠ ઉચ્ચોતર શિક્ષણ પ્રાપ્ત થવાથી નવી ધ્યેય સિદ્ધિ સાથે



આદિવાસી દીકરીઓ વિશ્વભરમાં દેશ અને સમાજનું ગૌરવ વધારી અન્યો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાજ્ય સહિત સુરત જિલ્લાના તમામ આદિવાસી વિસ્તારોમાં અવિરત વિકાસના કર્યો થઈ રહ્યાં છે. જેના લાભથી આદિજાતિ સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થઇ રહી છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓને કારણે છેવાડાના વિસ્તારોમાં વસતા લોકોની સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જેથી તેમના જીવનધોરણમાં સુધારો થઈ રહ્યો છે અને તેઓ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

સમાજના વિકાસમાં શિક્ષિત બાળકો અને યુવાઓની મહત્વવની ભાગીદારી વિષે જણાવતા મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને શિક્ષણને પ્રાથમિક્તા આપવા અહવાન કર્યુંહતું. તેમજ કન્યા કેળવણી મહોત્સવને પ્રાધાન્ય આપવાથી આદિવાસી દીકરીઓમાં વધતા શિક્ષણના પ્રમાણ વિષે જણાવ્યું હતું.

આ પ્રસંગે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, સરકારની યોજનાઓ થકી બની રહેલા વિવિધ શૈક્ષણિક પ્રકલ્પો અહીંની આવનારી પેઢી માટે આશીર્વાદ સમાન છે.

## તાપી જીલ્લાના ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ ધાડના ગુનાને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી તાપી જિલ્લા પોલીસ

### તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના નારણપુર ગામેથી આંગણીયા ગાડી સુરત તરફ જતી હતી ત્યારે બેચ સમો પર હુમલો કરી અપહરણ કરી ધાર પડવામાં આવી હતી.





### તાપી જિલ્લાના નવા SP જશુભાઈ દેસાઈ હાજર થઈ પ્રેન્સ કોન્ફેન્સ રાખી માહિતી પૂરી પાડી

**તાપી-** તા. ૧૪/૦૯/૨૦૨૫ ના આશરે કલાક-૧૫/૩૫ દરમ્યાન મોજે. નારણપુર ગામ ઉચ્છલ નિઝર સ્ટેટ હાઇવે નં.૮૦ ઉપર નારણપુર બ્રીજથી નારણપુર ગામ તરફ જતા ૨૦૦ મીટર દુર તા.ઉચ્છલ જી.તાપી ખાતે આંગડીયા કંપનની ફરીયાદી અનિલભાઇ કાંતિલાલ પટેલ ઉ.વ.૪૪ ધંધો-ડ્રાઈવિંગ હાલ,ડીંડોલી, સુરત ફોર વ્હીલ ગાડી રજી GJ-૦૫-RK-૫૯૩૧ ને કેટલાક ઇસમો લુંટતા હોવાની હકિકત મળતા ગુનાની ગંભીરતા સમજી તાપી જિલ્લાના લોકલ ક્રાઇમ બ્રાંચ તથા પેરોલ-ફર્લો સ્કોર્ડ, એસ.ઓ.જી.ના પોલીસ અધિકરી/કર્મચારીઓની ટીમ તથા ઉચ્છલ પો.સ્ટે. ના અધિકારી/ કર્મચારીઓની ટીમ તાત્કાલીક રીતે એક્શન મોડમાં આવી અલગ અલગ પોઇન્ટો પર નાકાબંધી ગોઠવી તથા ગુનો બનેલ હાઇવે પર સતત પેટ્રોલીંગ રાખતા ફરીયાદીની સ્કોર્પીયો ફોર વ્હીલ ગાડી રજી નં.GJ-૦૫-RK-૫૯૩૧ માં કેટલાક ઇસમો સાથે રોડ પરથી પસાર થતી હોવાની તેમજ તે સ્કોર્પીયો કારની આગળ સફેદ ફોરચ્યુનર ગાડી નંબર. GJ-૧૮-BR-૯૪૦૮ તથા પાછળ એક સફેદ કલરની સ્વીફ્ટ ડીઝાયર કાર નંબર- GJ-૦૮-AJ-૪૮૩૨ પણ પસાર થતી હોવાની હકિકત મળતા પોલીસ અધિકારી/ કર્મચારીઓની અલગ અલગ ટીમોને ઉપરોક્ત ત્રણેય કારોને શોધી કાઢવા પેટ્રોલીંગમાં રહેતા ફરીયાદી અનિલભાઇ કાંતિલાલ પટેલનાઓ તેમની સ્કોર્પીયો ફોર વ્હીલ ગાડી રજી નં.GJ-૦૫-RK-૫૯૩૧ ની સાથે રોડ ઉપર મળી આવતા તેમને હકિક્ત પુછતા આશરે આઠેક જેટલા ઇસમો ઉપરોક્ત ફોરચ્યુનર કાર તથા સ્વીફ્ટ ડીઝાયર કારમાં આવી બંદુક બતાવી પોતાની પાસેના રોકડા રૂ.૫૦,૦૦૦ લુંટી લઇ પોતાને અહીં છોડી દઇ નાસી ગયેલ હોવાની હકિક્ત જણાવતા તેમને તેમની ફરીયાદ આપવા તાત્કાલીક ઉચ્છલ પો.સ્ટે. ખાતે મોકલી આપી પોલીસ અધિકારી/ કર્મચારીની અલગ અલગ ટીમો ગુનામાં



સંડોવાયેલ ઉપરોક્ત ફોરચ્યુનર કાર તથા સ્વીફ્ટ ડીઝાયર કારની સતત તપાસમાં રહી પ્રથમ ફોરચ્યુનર ગાડી નંબર GJ-૧૮-BR-૯૪૦૮ ને ગુનામાં સંડોવાયેલ ચાર આરોપીઓ સાથે પકડી પાડેલ અને લુટમા ગયેલ રોકડા રૂ.૫૦,૦૦૦ સાથે પકડી પાડી ગુનામાં સંડોવાયેલ કુલ્લે-૮ આરોપીઓને ગુનામાં વપરાયેલ વાહનો કિ.રૂ.૧૭,૦૦,૦૦૦, મોબાઇલ નંગ-૯ કિ.રૂ.૬૮,૦૦૦ સાથે તથા તપાસ દરમ્યાન ગુનામાં વપરાયેલ પીસ્તોલ નંગ-૧ કિ.રૂ.૬,૦૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૮,૨૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધાડનો ગંભીર પ્રકારનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે. તાપીના ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, તથા જે. એન. દેસાઇ પોલીસ અધિક્ષક, તાપી-વ્યારા નાઓએ તાપી જીલ્લામાં વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢી આરોપીઓને પકડી પાડવાવામા આવ્યા તાપીની જનતા પોલીસ પ્રસાશનની કામગીરીને બિરદાવી.

## કર્મ અને ધર્મની યાત્રા એટલે બારડોલીથી સોમનાથની સરદાર સન્માન યાત્રા ને આવકાર આપતા: વિરમગામના ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ





બારડોલીથી સોમનાથ સુધીની સરદાર સન્માન યાત્રાનું આજે વિરમગામ તાલુકાના રંગપુર, ચંદ્રનગર, વિરમગામ શહેર, કાજીપુરા અને થોરી ગામે ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ સહિના મોટી સંખ્યામાં લોકોએ સ્વાગત કર્યું હતું. વિરમગામ શહેરની ઝાલાવાડી સોસાયટી ખાતે સરદાર સન્માન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક વર્ગ અને ધર્મના લોકોએ સરદાર સન્માન યાત્રાનું સ્વાગત અને સન્માન કર્યું હતું. આ યાત્રાનો શ્રેષ્ઠ વિચાર લઈને નીકળેલા શ્રી ગોપાલભાઈ ચમારડીને ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સર્વે સમાજના હૃદયમાં વસેલા સૌના સરદાર, જય સરદાર : ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ

**વિરમગામ તાલુકાના રંગપુર, ચંદ્રનગર, વિરમગામ શહેર, કાજીપુરા અને થોરી ગામે ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ સહિના મોટી સંખ્યામાં લોકોએ સ્વાગત કર્યું હતું. વિરમગામ શહેરની ઝાલાવાડી સોસાયટી ખાતે સરદાર સન્માન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.**



# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### વરસાદી જળનો ભૂગર્ભ સંગ્રહ સંકટ સમયે કામ લાગતી 'એફડી' સમાન!

કુદરતની ભૂગર્ભ બેંકમાં જમા કરેલી વરસાદી પાણીની ફિક્સ ડિપોઝિટ આફત સ્વરુપે કામ આવવાની છે. આપણા દાદા,પરદાદાએ જળસ્ત્રોતોનું જતન કરેલું તેનો લાભ સૌ મેળવી રહયા છીએ એ પરંપરા આગળ વધતી રહેવી જરુરી છે.

સૌ જાણે છે કે વરસાદએ પાણી મેળવવાનો એક માત્ર મૂલ્યવાન સ્ત્રોત છે. લાખો વર્ષોથી ગોઠવાયેલા જળચક્ર સ્વરુપે પૃથ્વીવાસીઓને વરસાદનો પરસાદ મળતો રહે છે. પહેલા વરસાદની હેલીઓ રચાતી અને મુશળધાર પાણી વરસતું પરંતુ પાણી ભરાતા ન હતા. વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરે તેવી કુદરતી ચેનલોથી સરસ જળ નિકાલ થઇ જતો. પાતાળ પાણીથી ભરાયેલું રહેતું આથી જ તો ૧૫ થી ૨૦ ફૂટે પાણી ગાળવાથી મીઠું પાણી મળી રહેતું હતું. છેલ્લા કેટલાક વર્ષોથી જળવાયુ પરિવર્તનના લીધે વરસાદની પેટર્ન બદલાઇ રહી છે. ક્યાંક ઓછા સમયમાં એક સાથે વધારે વરસે છે તો ક્યાંક વરસાદની અછત પણ રહે છે. જળ વ્યવસ્થાપનની બીજી વક્રતા એ છે કે ચોમાસામાં પાણીથી બચાવોની બૂમો પાડતા સ્થળોએ ઉનાળા દરમિયાન પાણી આપો ના પોકારો ઉઠતા રહે છે. દરેક વ્યકિત પોતાની પાસે રહેલા નાણાનું આયોજન કરે છે, બેંકમાં વ્યહવારો કરે છે તેવી જ રીતે ભૂગર્ભ બેંકમાં પાણીની એફડી (ફિક્સ ડિપોઝિટ) કરવાની પણ કાળજી રાખવી જરુરી છે. ભૂગર્ભ બેંકમાં જમા કરેલી વરસાદી પાણીની ફિક્સ ડિપોઝિટ આફત સ્વરુપે કામ આવવાની છે. આપણા દાદા,પરદાદાએ જળસ્ત્રોતોનું જતન કરેલું તેનો લાભ સૌ મેળવી રહયા છીએ એ પરંપરા આગળ વધતી રહેવી જરુરી છે. એચ ટુઓ તરીકે ઓળખાતું પાણી પ્રયોગશાળામાં પેદા કરી શકાતું નથી. તે આકાશમાંથી ફોરા સ્વરુપે મોટે ભાગે વર્ષમાં એક વાર વરસે છે તેને જ ઝીલી લેવાનું છે.

અતિ વૃષ્ટિ થાય ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં વરસાદી પાણી ખેતરોના ઉભા પાકમાં ફેલાઇ છે. વધારાના વરસાદી પાણીનો ખેતરમાંથી નિકાલ કરવોએ ખેતી માટે પ્રાણ પ્રશ્ન બની ગયો છે. પાણી ખેતીની જમીનમાં વધારે સમય પડયું રહેતો પાકના મૂળ કોહવાઇ જવાથી પાક બળી જાય છે. ખરીફ સિઝન પાકોમાં એટલો વિલંબ ઉભો થાય છે કે કાંઇ ભલી વાર રહેતો નથી. એક પાક ધોવાઇ જાય ત્યાર પછી બીજો કયો પાક વાવવોએ મોટી મુંઝવણ બની જાય છે. કઠણાઇ તો એ છે કે દિવાળી પછી રવિપાકો અને ત્યાર પછી ઉનાળુ પાકોની વાવણી કરવાની થાય ત્યારે પાણી હોતું નથી. પાણી માટે બોરવેલ,કૂવા કે સ્થાનિક કેનાલોના પાણી પર નિર્ભર રહેવું પડે છે. ચોમાસામાં જળભરાવ અને ઉનાળામાં જળ તણાવ જાણે કે નિયતિ બની ગઇ છે.

આવી કટોકટીમાંથી બહાર આવવા માટે પાણીની ભૂગર્ભ બેંકમાં એફડી કરવી એ જ ઉપાય છે. નદી નાળાઓ થકી વહી જતા અમૂલ્ય પાણીને જમીનમાં ઉતારવાનો પ્રબંધ એ સમૃધ્ધ ખેતીનો જ એક ભાગ છે જે એમ કરવામાં નહી આવે તો અતિવૃષ્ટિ અને અછતના ચક્કરમાંથી બહાર આવી શકાશે નહી. પાતાળમાંથી જો પાણી ખેંચ્યા જ કરીશું તો એક દિવસ પાતાળ ખાલી થવાનું એ નક્કી જ છે. પાતાળના ખૂબ ઉંડે શારકૂવા કરવાથી પાણી તો મળે છે પરંતુ અંદર રહેલા મિનરલ અને રાસાયણિક તત્વો પાણીની ગુણવત્તા બગાડે છે આથી પાણી માટે જમીનમાં ખૂબ ઉંડે જવું વ્યહવારુ પણ નથી. આમ જોવા જઇએ તો પૃથ્વી પર ઉપલબ્ધ પાણીમાંનું ૯૭ ટકા સમુદ્રમાં છે. ૨.૭ ટકા જેટલું જ પાણીનો જથ્થો જ વપરાશ માટે યોગ્ય છે. એમાં પણ નદીઓ,સરોવરો અને ભુગર્ભજળમાં રહેલો ૧ ટકા જ તાજા પાણીના જથ્થાનો જ ઉપયોગ કરી શકાય છે. ભારતમાં પીવાનું પાણી સૌથી વધુ ભૂગર્ભજળમાંથી જ મેળવવામાં આવે છે. નેશનલ સેમ્પલ સર્વેના એક ડેટામાં જણાવાયું હતું કે ભુગર્ભજળ દેશની લગભગ ૪૩ ગ્રામીણ વસ્તી માટે પીવાના પાણીનો આધારભૂત સ્ત્રોત છે. દેશમાં દર પાંચ પરીવારમાંથી એક પરીવાર પાસે પાઇપથી મળતા પાણીનું જોડાણ છે. શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારો પાઇપ દ્વારા મળતા પાણી વિતરણમાં પાછળ છે.

પીવાના પાણીની અછત કાયમી દૂર કરવા ભૂગર્ભ જળ સંચય અને વરસાદી જળનો સંગ્રહ જેવો ઉત્તમ ઉપાય બીજો એક પણ નથી. ગ્રામીણો પાસે છાપરાની છત, આંગણામાં ભૂગર્ભ ટાંકાની જગ્યા અને બીજી અનુકૂળતા હોય છે. ધાબુ હોયતો વરસાદી પાણીના નિકાલનો પાઇપ (બંબો) હોય છે તેમાં હજારો લિટર પાણી નકામું પછડાતું રહે છે તેનો સંગ્રહ કરી શકાય છે. વપરાશ માટે બહારથી પાણી મેળવી શકાય છે પરંતુ બારે મહિના પીવાના પાણી માટે વરસાદી પાણીના ટાકા આદર્શ સ્ત્રોત બની શકે છે. આરઓમાં પીલાતા પાણીની સરખામણીમાં ખૂબજ નજીવા દરે શુધ્ધ પાણી ઘેર બેઠા મેળવી શકાય છે. ખેતરના પાણી જમીનમાં ઉતારવામાં આવે અને છાપરાના પાણીને ભૂગર્ભ ટાંકામાં ભરવામાં આવેતો બેડો પાર થઇ જાય તેમ છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## બારડોલી ખાતે કોંગ્રેસ મહિલા પ્રમુખ દ્વારા ભ્રષ્ટાચાર ખુલ્લો પાડયો

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને સ્વાતીબેન પટેલ દ્વારા ભ્રષ્ટાચાર અંગે ફરિયાદ કરાઇ

### સુરત જિલ્લાના બારડોલી વિસ્તારમાં તાજેતરમાં બનેલા ત્રણ પુલોના બાંધકામમાં ગુણવત્તાની અવગણના, બેદરકારી, આર્થિક નુકસાન અને ભ્રષ્ટાચાર ની તપાસ થવી જોઇયે









**બારડોલી** -આ ફરિયાદ માં જણાવ્યુ છે કે, સ્વાતીબેન પીનલભાઈ પટેલ, રહે. ૩૩૬,બીજો માળ,સિટી મોલ, સ્ટેશન રોડ,બારડોલી, તા. બારડોલી, જી. સુરત નું જણાવવાનું કે સુરત જિલ્લાના બારડોલી વિસ્તારમાં તાજેતરમાં બનેલા ત્રણ પુલો - (૧) બારડોલીથી મોટા રોડનો પુલ, (૨) બારડોલીથી ખરવાસા રોડનો પુલ અને (૩) બારડોલીથી કડોદ NH-૫૩ રોડ પરનો પુલ - બનાવ્યા પછી માત્ર ત્રણ મહિનાના સમયગાળામાં તોડી પાડવા પડ્યા છે અને તેને નવેસરથી બનાવવાનું કામ ચાલુ છે.

આ પુલોનું બાંધકામ માર્ગ અને મકાન વિભાગ હેઠળ કરવામાં આવ્યું હતું. પરંતુ બાંધકામ પૂર્ણ થયા પછી ટૂંક સમયમાં જ તેમાં તિરાડો, અસ્થિરતા અને અન્ય ગુણવત્તા સંબંધિત સમસ્યાઓ જોવા મળી, જેના કારણે તેને તોડીને પુન:નિર્માણ કરવું પડ્યું. આ બાબતમાં વિભાગના જવાબદાર અધિકારીઓ અને સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા સ્પષ્ટ બેદરકારી અને ગુણવત્તાની અવગણના કરવામાં આવી છે. આના કારણે સરકારને આર્થિક નુકસાન થયું છે, જે જાહેર જનતાના ટેક્સના પૈસાનો દુરુપયોગ છે.

આ પુલોના બાંધકામમાં વપરાયેલી સામગ્રીની ગુણવત્તા, ડિઝાઇન અને નિરીક્ષણ પ્રક્રિયામાં ગંભીર ખામીઓ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય આવે છે. આ બેદરકારી માત્ર આર્થિક નુકસાન જ નહી, પરંતુ જનતાની સુરક્ષા માટે પણ જોખમી છે. આમાં ભ્રષ્ટાચારની શક્યતા પણ છે, કારણ કે આટલા ટૂંકા સમયમાં પુલ તોડી પાડવા પડે તે સ્પષ્ટપણે અયોગ્ય વ્યવસ્થા અને ભ્રષ્ટ પ્રથાઓનું પરિણામ છે.જેને કારણે હજારો વાહન ચલાકો હેરાન પરેશાન થઇ રહ્યા છે.

હું તમને વિનંતી કરું છું કે આ બાબતની તાત્કાલિક તપાસ કરરાવવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ સરકાર ને થયેલ આર્થિક નુકસાનની વસૂલાત કરવામા આવે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે એવી લોકહિત માં મારી લાગણી અને માગણી છે.

આ ફરિયાદ ની નકલ કાર્યપાલક ઈજનેર શ્રી,માર્ગ અને મકાન વિભાગ,સુરત ને રવાના કરાઇ છે.

## સ્વદેશી અને ખેતી, ગાય આધારિત ઇકોનોમી અંગે મહિલા યુવાઓને જાગૃતિ માટે સાઉથ દિલ્હી ખાતે ગૃહ ઉદ્યોગ દવા ઓ અંગે માહિતી પ્રદાન કરવામાં આવી



સ્વદેશી અને ખેતી, ગાય આધારિત ઇકોનોમી અંગે મહિલા યુવાઓને જાગૃતિ માટે સાઉથ દિલ્હી ખાતે રાજપુત વ્યાપાર વિકાસ મંડળ ઇન્ટરનેશનલ દ્વારા મહિલા ઉદ્યોગ કરો અને સ્વદેશી, જૈવિક ખેતી, ગાય દ્વારા નિર્માણ પેદાશો ગૃહ ઉદ્યોગ દવા ઓ અંગે માહિતી પ્રદાન કરવામાં આવી. અહીં ગૌ કથા અને ગાય માતાના રક્ષણ માટે વેચાણ સ્ટોલ ્ નિર્માણ પદ્ધતિ અને ''હવન પૂજા' માં ગુજરાત ના રાજપૂત વ્યાપાર મંડલ એ ભાગ લીધો હતો દિલ્હી સ્થિત સિદ્ધી ફાઉન્ડેશન અને ઇન્ટરનેશનલ સ્ટાર્ટ અપ એન્ડ બિઝનેસ એસોસિએશન દિલ્હી દ્વારા નિમંત્રણ મળતા અહીં રાજપૂત વ્યાપાર વિકાસ મંડળ ડેલીગેશન નું આમંત્રણ અને સન્માન પણ કરવામાં આવ્યું હતું અહીં સૌ એ ગૃહ નિર્માણની સ્વદેશી વસ્તુ ખરીદી મહિલા ઉદ્યોગકારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## ટ્રમ્પના ટેરિફના અણધાર્યા વધારા વચ્ચે પાલિકાના રૂ. ૨૦૦ કરોડના બોન્ડ પર હાલમાં બ્રેક, ૮ થી ૮.૧૦ ટકા વ્યાજ દર રાખવામાં આવી શકે



સુરત- પાલિકાએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સને ગતિ આપવા ફરી મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડવાનો નિર્ણય લીધો હતો. જોકે, ટ્રમ્પે લાદેલા ટેરિફને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં અસમંજસનું વાતાવરણ છે. જેથી રોકાણ પર અસર પડી શકે તેમ હોવાથી હાલ પાલિકાએ ગ્રીન બોન્ડ મુદ્દે બ્રેક મારી છે. માર્કેટના પોઝિટિવ અભિપ્રાય બાદ આગળ વધશે.

શહેરમાં ૬ પ્રોજેક્ટ સાકાર કરવા ૨૦૦ કરોડના ગ્રીન બોન્ડની તમામ તૈયારીઓનો એકાઉન્ટ વિભાગ સાથે વિભાગીય વડા ડે.કમિશનર, કમિશનર લેવલ સુધી આખરી ઓપ આપી દેવાયો છે. હાલ બોન્ડના વ્યાજ દર ૮ ટકાથી ૮.૧૦ ટકા વચ્ચે રાખી શકે છે, જેનાથી આમ નાગરિકોથી લઈને સંસ્થાકીય રોકાણકારો સુધી સૌને આકર્ષાશે.

ઉચ્ચ અધિકારી મુજબ સામાન્ય લોકો માટે આ બોન્ડમાં રોકાણ ફિક્સ ડિપોઝિટ કરતાં વધારે ફાયદાકારક અને સુરક્ષિત વિકલ્પ બની રહેશે કેમ કે ૮થી ૮.૧૦ ટકા વ્યાજ દર રખાઈ શકે છે. જે એફડી કે રોકાણ સ્કીમ કરતાં સારો હોય બોન્ડ તરત ભરાઇ જશે પાલિકા દ્વારા ઊભી થનારી મૂડીનો સીધો ઉપયોગ પાણી પુરવઠા, સ્વચ્છતા, નદી શુદ્ધિકરણ, માર્ગો અને ટ્રાફિક સુધારા વગેરેમાં કરાશે.

## બારડોલી ના કિલ્લોલ મ્યુઝિકલ ગ્રુપના ત્વિષા વ્યાસ ની જજ તરીકે સેવા



ત્વિષા વ્યાસ નૃત્ય ના જજ તરીકે સેવા આપી રહ્યા છે.

સુરત ખાતે NCERT, નવી દિલ્હી અને જિલ્લા શિક્ષણ કચેરીઓ, ગાંધીનગર અને સુરત દ્વારા સહ-આયોજિત, ઝોન-સ્તરીય કલા ઉત્સવ ૨૦૨૫-૨૬, એક પ્રખ્યાત શાસ્ત્રીય અને લોકનૃત્ય સ્પર્ધામાં ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યા છે. આ સિવાય ગુજરાત સરકાર દ્વાર આયોજીત કલામહાકુભ, યુવા ઉત્સવ વગેરે મા પણ

## મહુવા પ્રદેશ સહકારી ખાણ ઉદ્યોગ મંડળી દ્વારા અનાવલ મોક્ષમાર્ગી મંદિર ખાતે શેરડી પાક પરીસંવાદ કાર્યક્રમ યોજાયો



**મહુવા-** મહુવા તાલુકાના અનાવલ મોક્ષમાર્ગી મંદિર ના પરિસરમાં મહુવા પ્રદેશ ખાણ ઉદ્યોગ મંડળીના પ્રમુખ માનસિંગભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને શિરડી પાક પરી સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહુવા તાલુકાના ડિરેક્ટર વિપુલભાઈ પટેલ, ચીખલી રાનકુવાના ડિરેક્ટર સુનિલભાઈ પટેલ, તુષારભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, મહુવા તાલુકાની દૂધ મંડળીના તમામ પ્રમુખશ્રીઓ અને નવસારીના વૈજ્ઞાનિક દ્વારા ખેડૂત મિત્રો ને ખૂબ સારું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં તાલુકાના ખેડૂતોએ પોતપોતાની શેરડીનું વાવેતર કર્યું છે.

તેના સેમ્પલ નામ સહિત પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. તે સિવાય મોટી ખેતીમાં દવા છંટકાવ માટે ડ્રોન નો ઉપયોગ કરી કઈ રીતે દવાનો છંટકાવ થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ખેતીમાં વપરાતી દવાઓના અને રાસાયણિક ખાતરોના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. અને ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

મહુવા સુગરના પ્રમુખશ્રી માનસિંગભાઈ દ્વારા ખેડૂતોને શેરડી પાક વધારે કેવી રીતે ઉપજ કરીએ અને ખેડૂત સક્ષમ બને તે પ્રમાણે ખેડૂતોને માહિતગાર કર્યા હતા મહુવા સુગરના ડિરેક્ટર વિપુલભાઈ પટેલે પણ ખેતી વિષય પર ખૂબ સારું વક્તવ્ય આપી ખેડૂતોને શેરડીના પાકોમાં કેવી રીતે વાવેતર કરવું કેટલા અંતરે રોપવું કયા પ્રકારની દવા વાપરવી રાસાયણિક દવાનો ઉપયોગ કરવા એવી વિવિધ પ્રકારની માહિતી આપવામાં આવી હતી.


।। શ્રી સદ્‌ગુરૂ કૃપા ।।

જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292

શ્રીબાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-



શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

Date-17/09/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાત દ્વારા નવા હોદ્દેદારોની નિમણૂક














શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાતના પ્રમુખ શ્રી મેહુલસિંહ દેસાઈ નેતૃત્વ હેઠળ નવા હોદ્દેદારોની નિમણૂક સાથે આ સર્વે હોદ્દેદારોને સન્માનપૂર્વક જવાબદારીઓ સોપી.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના પ્રમુખ શ્રી મેહુલસિંહ દેસાઈ બાપુ, સોશિયલ મીડિયા પ્રભારી શ્રી હિમાંશુસિંહ ઠાકોર બાપૂ, સુરત ગ્રામ્ય પ્રમુખ શ્રી મિતુલસિંહ સુરમાં બાપુ, સુરત ગ્રામ્ય મહામંત્રી શ્રી તુમિલસિંહ સોલંકી બાપુ, તેમજ બારડોલી તાલુકા મહામંત્રી શ્રી જસપાલસિંહ પરમાર બાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે નીચે મુજબ **નિમણૂક થયેલા હોદ્દેદારોની યાદી:** વિશાલસિંહ મહેન્દ્રસિંહ મેઘાત- **સુરત શહેર પ્રમુખશ્રી,** ધરમસિંહ નંદુસિંહ ચૌહાણ- **સુરત જિલ્લા ઉપપ્રમુખશ્રી,** સુમિતસિંહ વિક્રમસિંહ ધૂમ- **ચોર્યાસી તાલુકા ગ્રામ્ય પ્રમુખશ્રી,** જયસિંહ મદનસિંહ



મેઘાત- **ચોર્યાસી તાલુકા ગ્રામ્ય મંત્રીશ્રી,** યશસિંહ જયેન્દ્રસિંહ મેઘાત- **ચોર્યાસી તાલુકા ગ્રામ્ય ઉપપ્રમુખશ્રી,** પ્રથમસિંહ રાકેશસિંહ મેઘાત- **ચોર્યાસી તાલુકા ગ્રામ્ય ઉપપ્રમુખશ્રી,** દિવ્યેશસિંહ ખુમાનસિંહ ચાવડા- **બારડોલી તાલુકા ગ્રામ્ય ઉપપ્રમુખશ્રી,** જયસિંહ ધરમસિંહ ચૌહાણ- **બારડોલી તાલુકા ગ્રામ્ય સહમંત્રીશ્રી,** કેનીલસિંહ રાજેન્દ્રસિંહ મોરી- **કામરેજ તાલુકા ગ્રામ્ય સહમંત્રીશ્રી.**

**શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાતના પ્રમુખ શ્રી મેહુલસિંહ દેસાઈ નેતૃત્વ હેઠળ નવા હોદ્દેદારોની નિમણૂક સાથે આ સર્વે હોદ્દેદારોને સન્માનપૂર્વક જવાબદારીઓ સોપી**

# સુરત જિલ્લા કક્ષાની સિનિયર શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં એક્સપેરિમેન્ટલ સ્કૂલ ચેમ્પિયન




**સુરત-** એસ.જી.એફ.આઈ. અને સુરત જિલ્લા રમતગમત અધિકારી કચેરી દ્વારા શાળાકીય સિનિયર અંડર ૧૯ ભાઈઓની જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે યોજાઇ હતી. આ ખૂબ જ ટફ કોમ્પીટીશનમાં પ્રિન્સિપાલ અને વ્યાયામ શિક્ષકશ્રી કિશોરકુમાર જાનીના માર્ગદર્શન હેઠળ નાનપુરા ઝોનમાં વિજેતા બનેલી એક્સપેરિમેન્ટલ સ્કૂલની ટીમ જિલ્લા કક્ષાએ પણ ચેમ્પિયન બની છે. જેમા વિનિત પટેલ રુકેપ્ટર્ની, ધ્રુવીલ ચેવલી, યક્ષ ખલાસી, અભિનવ ઉમરીગર, સેન પટેલ, ભવ્ય પટેલ, વંશ પટેલ, નીલ ખલાસી, કેલિસ પટેલ, યુગ પટેલ, જલ ખલાસી, જીત પટેલ અને નૈન પટેલના શ્રેષ્ઠ પર્ફોમન્સ દ્વારા વિજયશ્રી હાંસલ કરેલ છે. શાળાના ત્રણ વિદ્યાર્થીઓ ધ્રુવીલ ચેવલી, વિનીત પટેલ અને યક્ષ ખલાસી રાજય કક્ષાએ પસંદગી પામી હવે માણસા મુકામે રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લા કક્ષાએ ચેમ્પિયન બનવા બદલ સર્વે ખેલાડીઓ, વ્યાયામ શિક્ષકશ્રી ગુલાબભાઈ પટેલ અને શ્રી બીપીનભાઈ ગામીતને સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેનશ્રી ભરતભાઈ શાહ, પ્રથમ ઉપાધ્યક્ષશ્રી આશિષભાઈ વકીલ, દ્વિતીય ઉપાધ્યક્ષશ્રી કિશોરભાઈ દેસાઈ, એલએસસી ચેરમેનશ્રી અમિતભાઈ ગજ્જર, એકેડેમિક ચેરમેનશ્રી અજીતભાઈ શાહ, પ્રિન્સિપાલશ્રી કિશોરકુમાર જાની, વાલી શિક્ષક મંડળના પ્રમુખ એડવોકેટશ્રી કેતનભાઇ ધીવાલા તથા સમગ્ર શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ પાઠવી.

# રાજપૂત સમાજ મહારાણા સંઘ નરોલી તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

**નરોલી -** સેલવાસમ રાજપૂત સમાજ મહારાણા પ્રતાપ સંઘ દ્વારા દાદરા નગર હવેલી, ઉંમરગામ તાલુકો અને વાપીના તેજસ્વી તારલાઓ અને સમાજમા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું સન્માન કાર્યક્રમનું આયોજન ૨૮ સપ્ટેમ્બરને રવિવાર બપોરે ૧ કલાકે મોક્ષમાર્ગી હોલ નરોલી ખાતે આયોજીત કરાશે.

જેના માટે તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓએ પોતાની પ્રવૃતિઓની માહિતીઓ પહોચાડવાની રહેશે જેમા પોતાના પિતાનુ નામ પૂરેપૂરું નામ અવશ્ય મોકલવુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ મા સિદ્ધિ મેળવનાર તારલાઓની માર્કશીટની ઝેરોક્ષ અને હાલનો ફોટો દરેક ફળિયાના કર્મવીરોને ૨૦ સપ્ટેમ્બર પહેલા પહોચાડવા જરૂરી છે. મહારાણા પ્રતાપ સંઘ નરોલી દાનહ દ્વારા રાજપૂત સમાજના સર્વેને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઇટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં, તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).